email: citypulse@gujaratmitra.in

CITY પલ્સ

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧ ઓગસ્ટ, ૨૦૨૫

# હજુ પણ 'હાર્ટ' તો સુરતનું ભાગળ જ

## ગણપતિ, તાજિયા કે ક્રિકેટમાં ભારતની જીત, બધા સેલિબ્રેશન અહીં જ થાય

ભાગળ એટલે શહેરનું હાર્દ, શહેરનું મુખ્ય કેન્દ્ર બિંદુ. આજે તો સુરત ઘણું વિસ્તર્યું છે પણ પહેલાં ચોકથી લઈને સ્ટેશન સુધીનો વિસ્તાર સુરત ગણાતો. જેની વચ્ચેનો માર્ગ રાજમાર્ગ એટલે ભાગળ. અહીં સવારથી જ જીવન ધબકવા લાગતું. આસપાસના ગામોથી ખેડૂતો શાકભાજી વેચવા આવતા અને અહીંથી જરૂરિયાતનો સામાન લઈને પોતાના બળદગાડામાં ઘર વાપસી કરતા. ભાગળના ચાર ચોક અલગ અલગ વિસ્તારથી ભાગળ આવવાના પ્રવેશ દ્વાર જેવા જ. 100-150 વર્ષ પહેલાથી રાજમાર્ગ પર ઉત્સવોની રંગત જામતી. દૂર દૂરથી નાના વેપારો માટે લોકો આવતા એટલે મેળા ભરાતા અને લોકો પરિવાર સાથે તેમાં મનોરંજન મેળવતા. એ પરંપરા આજે પણ વિરાટ સ્વરૂપમાં ભાગળ પર જળવાયેલી રહી છે. ગણેશ ઉત્સવ, મટકી ફોડ, ક્રિકેટ મેચ, પતંગની હરાજી આ બધું જ હજી પણ સમૂહમાં જો ઉજવાતું હોય તો ભાગળ ચાર રસ્તા પર. પહેલા ભાગળ સાંકડું હતું પણ SMCના કમિશનર બનીને એસ.આર.રાવ આવતા તેમણે રાજમાર્ગનો રસ્તો પહોળો કર્યો અને અહીં સેલિબ્રેશન અને બીજા એટ્રેક્શનનો ક્રેઝ બેવડાયો. ચાલો આપણે જાણીએ કયા એટ્રેક્શનનો ક્રેઝ ભાગળ પર જોવા મળે છે અને ક્યારથી, સમય બદલવાની સાથે માહોલ કેવો બન્યો છે.



### ગણેશ આગમન અને વિસર્જનનો માહોલ મુંબઈને ભૂલી જવાય તેવો હોય છે



આમ તો સુરતમાં ગણેશ ઉત્સવ 70-75 વર્ષથી ઉજવાય છે પણ તેનો ક્રેઝ 40-50 વર્ષથી વધ્યો છે. 10 ફૂટ કરતા ઊંચી સુંદર કલાત્મક અને અલગ અલગ થીમની પ્રતિમાની આગમન યાત્રા જોવા અમરોલી, અડાજણ, વરાછા, કતારગામ અને શહેરના અન્ય વિસ્તારના લોકો બાળકોને લઈને ભાગળ પર ભીડ જમાવી દેતાં હોય. DJ. સાઉન્ડ વાગતું હોય, ભવ્ય બગીઓ નીકળે જેમાં બાળકો બેઠા હોય. અહીંથી 200થી 250 જેટલી મૂર્તિઓનું આગમન થતું હોય. જેટલું ભવ્ય આગમન હોય વિસર્જન પણ ભવ્ય હોય. વિસર્જન યાત્રા તો એવી નીકળે કે મુંબઈને પણ ભૂલી જવાય. અહીંથી મૂર્તિની વિસર્જન યાત્રાનો આગ્રહ રખાતો હોય છે એટલે બપોરે 2થી સાંજે 6 વાગ્યાં સુધી તો લોકોની એવી ભીડ થતી હોય કે પગ મુકવાની જગ્યા નહીં હોય. DJ વાગતું હોય, ગુલાલની છોળો ઊડતી હોય અહીં ચારે ચોક પરથી નાની મોટી હજારો મૂર્તિઓની વિસર્જન યાત્રા નીકળે. વાહનોની અવરજવર બંધ હોય દુકાનો બંધ હોય અને લોકો હજારોની સંખ્યામાં કલાકો વિસર્જન યાત્રાની ઝાકમઝોળ જોતા ઉભા હોય.

### ક્રિકેટમાં ઇન્ડિયાની જીતનું જશ્ન મનાવવા ભાગળ પર આખું સુરત ઉમટી પડે છે



\ક્રિકેટમાં ઇન્ડિયાની જીતનું જશ્ન ભાગળ ચાર રસ્તા પર યાદગાર બની જતું હોય છે. ખાસ કરીને પાકિસ્તાન સાથેની મેચ હોય ત્યારે. છેલ્લી ચાર-પાંચ ઓવર બાકી હોય અને ઇન્ડિયા જીતવાની છે તે નક્કી થઈ જાય એટલે હજારોની મેદનીમાં સુરતીઓ ભાગળ ચાર રસ્તા પર ઉમટી પડે. ઢોલ-નગારા વાગવા શરૂ થઈ જાય, નાના બાળકોથી માંડીને વયસ્ક લોકો પણ હાથમાં ઇન્ડિયન ફ્લેગ લઈને જીતની ખુશી વ્યક્ત કરવા લાગે છે. ડબગરવાડમાં મોટી LED સ્ક્રીન પર મેચ જોવા લોકોની મોટી સંખ્યામાં ભીડ જમા થાય. ઇન્ડિયા જીતવાની હોય એટલે અહીંના લોકો જ સૌથી પહેલાં ભાગળ ચાર રસ્તા પર પહોંચી જાય. 1983માં પહેલીવાર જ્યારે ઇન્ડિયા વર્લ્ડ કપ જીત્યું હતું ત્યારે પણ ભાગળ પર જીતનું ભવ્ય જશ્ન થયું હતું. હમણાં 2023માં ઓક્ટોબરમાં પણ ભાગળ પર વર્લ્ડ કપની સેમી ફાઇનલમાં ભારતની જીતનું શાનદાર જશ્ન થયું હતું. દેશભક્તિના ગીતો પર યુવાનોએ ડાન્સ કર્યો હતો.



### 25 ફૂટ ઊંચી દહીં હાંડી ફૂટે, ગોવિંદા મંડળોના કરતબ જોવાની આવે મજા

લગભગ 25 વર્ષથી ભાગળ ચાર રસ્તા પર 25 ફૂટ ઊંચી દહીં હાંડીની સુરતના લોકો રાહ જોતા હોય. અહીં જ સૌથી ઊંચી દહીં હાંડી ફૂટતી હોય છે અને તેને ફોડનાર ગિવિંદા મંડળને પુરસ્કાર પણ અપાતા હોય છે. બપોરે 2.00 વાગ્યાથી મોડી સાંજ સુધી દહીં હાંડી જોવા હજારો લોકો ઉમટી પડે છે અને ગોવિંદા મંડળો દ્વારા અલગ અલગ કરતબ ભાગળ પર જ ખાસ જોવા મળે છે જેમાં લેઝીમ ફટકા દાવ, લાઠી દાવ અને જે પિરામિડ બને તે જોવા લોકો મોટી સંખ્યામાં ભેગા થઈ જાય અને લાલગેટ અને એર ઇન્ડિયા તરફનો રસ્તો વાહનો માટે બંધ થાય છે અમુક કલાકો માટે.

### હવે તો કૃષ્ણ અને દશામાની મૂર્તિઓનું પણ ભાગળ પર ભવ્ય આગમન થાય છે

લગભગ છેલ્લાં બે વર્ષથી જન્માષ્ટમી પર પણ શ્રી કૃષ્ણની ભવ્ય મૂર્તિની આગમન યાત્રા ડી.કે.એમ. હોસ્પિટલ પરથી લઈને ભાગળ ચાર રસ્તા પર નીકળે જે લોકોને સોશ્યલ મીડિયાના માધ્યમથી ખબર પડે એટલે તે જોવા પણ હવે તો ભાગળ પર લોકો ઉમટી પડે છે. દશા માંની મૂર્તિનું આગમન પણ અહીં ભવ્ય જોવા મળે. ઢોલ તાસા વાગતા હોય અને લાઈટવાળી છત્રી આકર્ષણ જમાવતી હોય. મૂર્તિઓ ખાસ તો રૂસ્તમપુરા, સલાબતપુરાની હોય જે ભાગળ થઈને જાય. ઇદે મિલાદનું જુલુસ પણ અહીંથી નીકળતું હોય.



### 57 વર્ષથી ભાગળ પર વિવિધ ઉજવણી મેં જોઈ છે : દિપક આફ્રિકાવાલા



શહેરમાં ઘણી સક્રિય વ્યક્તિઓમાં ગણના પામતા દિપકભાઈ આફ્રિકાવાલાએ જણાવ્યું કે મારું તો ભાગળ અંબાજી રોડ પર જ રહેવાનું એટલે મેં તો અહીં ઘણા ફેસ્ટિવલની ધુમધામથી થતી ઉજવણી જોઈ.છે. એક સમયે ભાગળથી રૂવાળા ટેકરા પારસી વાડથી પીરછડી રોડ પર જન્માષ્ટમીનો મેળો ભરાતો. તેમાં બાળકોના રમકડાં, ચગડોળ આકર્ષણનું કેન્દ્ર રહેતાં. પહેલા ગામડે ગામથી શાકભાજી વેચાવા ભાગળ પર લોકો આવતા એટલે અનેક સેલિબ્રેશનનું કેન્દ્ર ભાગળ ચાર રસ્ત બનતું ગયું. મેં રાજકિય ઉજવણી પણ અહીં થતી જોઈ છે અને વિવિધ તહેવારોના ઉત્સાહનો રંગ પણ અહીં જોયો છે. પાકિસ્તાન સાથેનાં યુદ્ધમાં ભારતની જીતનું સેલિબ્રેશન આઝાદીના 25 વર્ષની ઉજવણી પણ ભાગળ પર નિહાળી છે.. લગભગ 60 વર્ષથી અહીં ગણેશ મૂર્તિના આગમનનો ભવ્ય નજારો પણ મેં જોયો છે. સુરતની લોકસભા સીટ પરથી મોરારજી દેસાઈ જીતીને વડાપ્રધાન બનતા શાનદાર ઉજવણી થઈ હતી.

### 140 વર્ષ પહેલાં ભાગળ પર તાજીયા નીકળવાની શરૂઆત થઈ, એને જોવા ભેગી થાય ભીડ

સલાબતપુરા, સાગરામપુરા, રૂસ્તમપુરા, નાનપુરા, ભેસ્તાન, લીંબાયત, ઉનથી તાજીયા નીકળે જે ભાગળ પર મોટુ જુલુસ બને એ જોવા લોકોની એટલી ભીડ હોય કે વાહનો માટે રસ્તો બંધ કરાય છે અને દુકાનો પણ બંધ રહેતી હોય છે. હવે લોકો લાઈટવાળા તાજીયા જોવા પણ ભાગળ ચાર રસ્તા પર ભેગા થાય છે. કેટલીક માન્યતાઓ પણ તાજીયા સાથે જોડાઈ હોવાનું માનવામાં આવે છે જેમકે, બાળક બોલતું નહીં હોય તે બોલવા લાગે માટે પહેલા હિન્દુઓ પણ ગ્રીન કલરના કાપડનો પોપટ બનાવી તાજીયા પર ચઢાવતા અને તાજીયા ઠંડા કરવા પાણીનો છંટકાવ કરતા. તાજીયા ભાગળ પરથી ચોક થઈને આઇપીમિશન અને ત્યાંથી હોડીબંગલા પહોંચે. ચારે તરફથી તાજીયા આવી શકે છે એટલે ભાગળ ચાર રસ્તા પસંદ કરાય છે. 1885માં તાજીયાની શરૂઆત સલાબતપુરામાં થઈ હતી. તેનો લારો ઈંગ્લેન્ડથી લવાયો હતો જે હજી જોવા મળે છે. ત્યારથી ભાગળ પર તાજીયા નીકળવાની શરૂઆત થઈ હતી એવું કહેવાય છે.



### તહેવારોનો ચાર્મ વર્ષો પહેલા રાજમાર્ગ પર જ હતો આ એજે પણ અહીં જ છે: નરેશ રાણા



ડબગરવાડમાં દુકાન ધરાવતા નરેશભાઈ રાણાએ જણાવ્યું કે ભાગળ ચાર રસ્તા પર દરેક પ્રકારના ફેસ્ટિવલ્સનો માહોલ બાળપણથી જોઈ રહ્યો છું. ભાગળ સુરતીઓનું હૃદય છે. ભાગળના ચારે ચોક પરથી સુરતના અલગ અલગ વિસ્તારમાં પહોંચી શકાય છે એટલે દરેક તહેવારની રોનક અહીંથી જ શરૂ થાય છે. બીજા વિસ્તારો કરતા અહીં કેટલાંક તહેવારોનો માહોલ વધારે જામે છે. પહેલા શહેર નાનું હતું એટલે ફેસ્ટિવલ્સનો માહોલ વધારે અહીં બનતો. શહેરનો વિસ્તાર વધવા છતાં તહેવારોનું મુખ્ય કેન્દ્ર ભાગળ જ રહ્યું છે. પહેલા ભાગળ પરથી ગણેશ ઉત્સવના 8-10 દિવસ પહેલા મૂર્તિઓનું આગમન થતું પણ હવે મહિના પહેલા વધારે રંગે ચંગે અને ધૂમધડાકા સાથે થાય છે.

# શ્રાવણમાં ભોળેનાથની અનોખી ભક્તિ:

## વાર પ્રમાણે ના કલરિંગ સુગંધિત ફૂલોનું કરે ડેકોરેશન

CREATIVE માઈન્ડ્સ



શ્રાવણ મહિનો શરૂ થઈ ગયો છે એ સાથે શિવાલયોમાં શિવ ભક્તો શિવજીને રિઝવવા માટે ભાવભકિત પૂર્વક પૂજા અર્ચના કરી રહ્યા છે. શિવજીની આ ભક્તિમાં 10 સુરતીઓની ભક્તિ ધ્યાન ખેંચી રહી છે. તેઓ રોજ જ શિવલિંગનો સુગંધિત ફુલોથી શૃંગાર કરે છે અને પછી અઢીથી ત્રણ કલાક શિવજીની પૂજા અર્ચના કરે છે. લાલ અને સફેદ કલરના કમળ, પરાજિતાના બ્લુ કલરના ફૂલો મેળવવા સવારે 7 વાગે ફૂલ માર્કેટમાં પહોંચી જવાનો તેમનો ક્રમ છે. તેઓને જાત જાતના ફુલોથી શૃંગાર કરવાનો આઈડિયા કઈ રીતે આવ્યો, રોજના 4થી 5 કિલો ફૂલ મેળવવા, અભિષેક કરવા માટેની સામગ્રીનો ખર્ચો તેઓ કઈ રીતે ઉઠાવે છે, શું તેમને બીજા લોકોનો પણ સાથ સહકાર મળી રહે છે ખરી? તે આપણે જાણીએ...




### અલગ અલગ વારના કલર પ્રમાણેના ફુલોથી થાય છે શૃંગાર

પ્રણવભાઈએ જણાવ્યું કે અમે અઠવાડિયાના દરેક વાર માટેના કલરના ફુલોથી શિવલિંગનો શૃંગાર કરીએ છીએ જેમકે, સોમવારે મોગરાના ફૂલ, સફેદ આંકડા, જુઈ, રજનીગંધાના ફુલોથી શૃંગાર થાય છે. મંગળવારે લાલ કલરના કમળ, લાલ કલરના કરેણ, લાલ દેશી ગુલાબ, બુધવારે પીળા કલરના ગલગોટા, દુર્વા, પીળા ગુલાબ, ગુરુવારે આછા પીળા કલરના ફૂલો, શુક્રવારે સફેદ કલરના ફૂલો, શનિવારે બ્લુ કલરના અપરાજીતાના ફૂલ અને રવિવારે કેસરી કલરના કરેણ, કેસરી કલરના ગલગોટાથી શૃંગાર કરીએ છીએ.

### દાડમ, મોસંબી, શેરડીના રસનો અભિષેક કરાય છે

રોજ ગાયનું દૂધ, દહીં, દાડમ, શેરડી, મોસંબીના રસનો અભિષેક કરીએ. આ ઉપરાંત બધા ગ્રહોની શાંતિ માટે દુર્વા અને મગ, દાળ, સરસવ તેલનો અભિષેક પણ કરાય છે. જેમકે, સોમવારે જવ, મંગળવારે મસૂરની દાળ, ગુરુવારે ચણાની દાળ, શનિવારે આખા અડદ અને સરસવ તથા સરસવના તેલનો અભિષેક કરીએ. જેથી બધા ગ્રહોની કૃપા થાય. તંદુરસ્ત અને લાંબા આયુષ્ય માટે દુર્વાથી અભિષેક કરવામાં આવે છે.

### મિત્રોનું ગ્રુપ શ્રાવણમાં રોજ ફૂલોનો શૃંગાર કરી ભોળેનાથની ભક્તિ કરીએ: પ્રણવ સુરતી



ભોલેનાથના પરમ ભક્ત પ્રણવભાઈએ જણાવ્યું કે, અમે 10 મિત્રો આશિષભાઈ, ચિરાગભાઈ, કલ્પેશભાઈ, બ્રિજેશભાઈ, રાજુભાઇ, વિપુલભાઈ, વિશાલભાઈ, મુકેશભાઈ યોગાનુયોગ મળ્યા અને ગ્રુપ બનાવી 12 વર્ષથી અલગ અલગ મહાદેવજીના મંદિરમાં મહિનામાં બે વાર પ્રદોષ પૂજા હોય ત્યારે આ રીતે શિવલિંગનો ફુલોથી શૃંગાર કરીએ. છેલ્લાં 5 વર્ષથી દર વર્ષે શ્રાવણ મહિનામાં રોજ જ ગોરાટ ઉદ્યાન પાસે ગાયત્રી માતાના મંદિર છે પાસે પારદેશ્વર મહાદેવ શિવલિંગની સ્થાપના થઈ છે ત્યાં અમે રાત્રીના 8.30 વાગે અડધો કલાક આ રીતે સુગંધિત ફુલોથી શૃંગાર કરીએ. પછી રાતના 12 વાગ્યાં સુધી પૂજા અર્ચના કરીએ. અમારું ગ્રુપ પાલમાં અટલ આશ્રમમાં પારદેશ્વર મહાદેવ, ઉમરા રામનાથઘેલા મહાદેવ, જહાંગિરપુરા કુરુક્ષેત્ર મહાદેવ, અઠવાલાઇન્સ પોલિસ લાઇન મંદિર અહીં પૂજારીની પરમિશન મેળવી આ રિતનો શૃંગાર કરી પૂજા અર્ચના કરીએ છીએ. અમને સદનસીબે સાત પાનનું બીલીપત્ર પણ મળી રહે છે.